


## હથોડા-વેલાછા-મોટી નરોલી માર્ગ અધૂરો રહેતાં ચોમાસા ટાણે 15 ગામના લોકોને ટેન્શન, છેલ્લા બે મહિનાથી કામગીરી કાચબા ગતિએ ચાલતાં વોટ્સએપ ગ્રુપમાં લોકોનો આક્રોશ

# ‘વિકાસ’નો દર્દનાક રસ્તો!

▸▸ હાલમાં રસ્તા પર કમરના મણકા તોડી નાંખે તેવા મોટા-મોટા ખાડા પડી ગયા છે, તો ચોમાસું કેવું જશે? ▸▸ આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાના મેસેજ પણ વાયરલ

હથોડાઃ હથોડા, વેલાછા, મોટી નરોલી અને મોટા બોરસરાથી કીમને જોડતો માર્ગ વિસ્તારનાં ૧૫થી ૨૦ ગામોની જનતા માટે ધોરી નસ સમાન છે. આ મહત્ત્વના માર્ગના નવીનીકરણ માટે માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાના અથાક પ્રયત્નોથી એક વર્ષ પહેલાં રૂ.૮.૩૨ લાખ મંજૂર થયા હતા. આ માર્ગનું કામ યુદ્ધના ધોરણે થશે અને વર્ષો જૂની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે તેવી આશાએ સ્થાનિક જનતામાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ આઠ મહિના પહેલાં કોન્ટ્રાક્ટરે કામની શરૂઆત તો ઉત્સાહભેર કરી હતી, પણ છેલ્લા બે મહિનાથી અગમ્ય કારણોસર આ કામ કાચબા ગતિએ ચાલી રહ્યું છે. હવે જ્યારે ચોમાસાને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે આ માર્ગ હાલ બિસમાર હાલતમાં ફેરવાઈ ગયો છે. કોન્ટ્રાક્ટરે અત્યાર સુધીમાં માંડ ૩૦થી ૪૦ ટકા જેટલું જ કામ પૂર્ણ કર્યું છે. જો ચોમાસા પહેલા આ રોડ તૈયાર નહીં થાય તો હથોડા, વેલાછા, મોટી નરોલી, મોટા બોરસરા સહિત મોસાલી, માંગરોળ, ઝંખવાવ અને ઉમરપાડા પટ્ટીનાં સંખ્યાબંધ ગામોના વાહનચાલકો અને જનતા માટે ભારે આફત સર્જાશે.

સ્થાનિક લોકો વર્ષોથી આ માર્ગનો રાત-દિવસ ઉપયોગ કરે છે, પરંતુ હાલમાં રસ્તા પર કમરના મણકા તોડી નાંખે તેવા મોટા-મોટા ખાડા પડી ગયા છે. ચોમાસામાં અહીંથી પસાર થવું અત્યંત જોખમી બની જશે. તંત્ર અને કોન્ટ્રાક્ટરની આ ઉદાસીનતા સામે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.




હાલમાં વિસ્તારના સોશિયલ મીડિયા અને વોટ્સએપ ગ્રુપોમાં લોકો રોષ ઠાલવી રહ્યા છે અને આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાના મેસેજ પણ વાયરલ થઈ રહ્યા છે.

આ બાબતે હથોડા ગામના જાગૃત નાગરિક હૈદરભાઈ હામદ, ફઝલ ઈબ્રાહીમ પહાડજી સહિત સંખ્યાબંધ ગામવાસીઓએ ભારે નારાજગી તેમજ ઉગ્ર વિરોધ નોંધાવી જણાવ્યું હતું કે, માર્ગ બનાવવા માટે માતબર રકમ મંજૂર થવા સાથે આઠ મહિના જેટલો સમય કાઢ્યા પછી પણ જો કોન્ટ્રાક્ટર કામ કરવામાં નિષ્ફળ જાય અને કામ કરવામાં તેનો પનો ટૂંકો પડતો હોય તો આ કોન્ટ્રાક્ટર પાસેથી કામ આંચકી લઈ કોઈ સક્ષમ કોન્ટ્રાક્ટરને કામ સોંપી દેવું જોઈએ. જો આનું નિરાકરણ નહીં આવશે તો ટૂંક સમયમાં પરેશાન થઈ રહેલા લોકો આંદોલન કરશે.

# આમોદમાં ભરબપોરે જાહેરમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી યુવાનની હત્યા

**યુવાનની** હત્યા પાછળ પ્રેમ પ્રકરણ કારણભૂત બન્યું

**દીવાલ** પર મૃતક યુવાનના લોહીના ડાઘા જોવા મળ્યા

ભરૂચ, આમોદઃ આમોદમાં મહમદશા પીરની દરગાહવાળા રોડ ઉપર એસ.ટી. ડેપો પાસે શનિવારે ભરબપોરે 12 વાગ્યે જાહેરમાં એક યુવાનની તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. મૃતક યુવકને આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવી તેનું પોસ્ટમોર્ટમ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આમોદ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી હત્યારા યુવાનને ઝડપવા ચક્રો ગતિમાન કર્યાં હતાં.

આમોદ નગરમાં આવેલા રબારીવાડમાં રહેતા મહેબૂબભાઈ ઉર્ફે લાલા મોહમદભાઈ મહીડા (ઉં.વ.40) (રહે.,રબારીવાડ તા.આમોદ)ની સાહીલભાઈ રણજીતભાઈ ચૌહાણે કોઈ તીક્ષ્ણ હથિયારના ઘા મારી જાહેરમાં હત્યા કરતાં ચકચાર મચી ગઈ હતી. આમોદ પોલીસે સ્થળ ઉપર પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. મૃતક યુવાનને આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવી તેનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મહેમુબભાઈ ઉર્ફે લાલાભાઈ મોહમદભાઈ મહીડાને આરોપીના પોતાના મોટા ભાઈ સરફરાજનું મરણ જનારના કુટુંબના ઐયુબભાઈની પત્ની સાથે પ્રેમસંબંધ હતો. જે બાબતે મરણ જનારના કુટુંબમાં ખબર પડી હતી અને તેઓ બધા સગાવ્હાલા થતા હોવાથી સમાધાન થયું હતું. બાદ તેઓ એકબીજાને બોલાવતા ન હતા. જે બાબતની રીસ રાખી મરણ જનારને કોઈ તીક્ષ્ણ હથિયાર વડે ગળાના બંને ભાગે તથા હાથના ભાગે તથા પેટના ડાબા ભાગે ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી મોત નીપજાવી ભાગી ગયો હતો. 40 વર્ષીય પરિણીત યુવાનની ધોળા દિવસે હત્યા થઈ હોવાનું જાણવા મળતાં સગા સંબંધી સહિત મોટી સંખ્યામાં લોકો આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દોડી આવ્યા હતા. આમોદ પોલીસે ઘટના સ્થળે પહોંચી પંચનામુ સહિતની કામગીરી કરી તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો હતો અને હત્યારા સાહીલભાઈ રણજીતભાઈ ચૌહાણને ઝડપવાનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં.

## જીઆરપી લિમિટેડ

(CIN: L25191GJ1974PLC002555)

નોંધાયેલી ઓફિસઃ પ્લોટ નં. ૮, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, અંકલેશ્વર - ૩૯૩ ૦૦૨ જી. ભરૂચ, ગુજરાત

ફોન નં.: 022 67082600/2500, ઈ-મેઈલ આઈડીઃ investor.relations@grpweb.com, વેબસાઈટઃ www.grpweb.com

**૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થતા ક્વાર્ટર અને વર્ષ માટેના ઓડિટેડ નાણાકીય પરિણામોનો અર્ક**

(રૂ. લાખમાં)

| ક્રમ નં. | વિગતો | સ્ટેન્ડઅલોન | | | કોન્સોલિડેટેડ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પૂરો થયેલ ક્વાર્ટર | | પૂરું થયેલ વર્ષ | પૂરો થયેલ ક્વાર્ટર | | પૂરું થયેલ વર્ષ |
| | | 31-03-2026 ઓડિટેડ | 31-03-2025 ઓડિટેડ | 31-03-2026 ઓડિટેડ | 31-03-2026 ઓડિટેડ | 31-03-2025 ઓડિટેડ | 31-03-2026 ઓડિટેડ |
| 1 | કામગીરીમાંથી કુલ આવક (નેટ) | 14,293.12 | 15,564.75 | 52,606.17 | 14,451.61 | 16,034.47 | 53,532.77 |
| 2 | સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ (નુકસાન) (ટેક્સ, અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પહેલાં) | 173.27 | 2,739.22 | 1,514.49 | 45.59 | 2,568.69 | 946.78 |
| 3 | ટેક્સ પહેલાં સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પછી) | 173.27 | 2,739.22 | 1,374.08 | 45.59 | 2,568.69 | 806.37 |
| 4 | ટેક્સ પછી સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પછી)* | (7.81) | 2,131.11 | 892.67 | (133.83) | 1,944.65 | 322.14 |
| 5 | સમયગાળા માટેની કુલ વ્યાપક આવક [સમયગાળા માટેના નફો / (નુકસાન) (ટેક્સ પછી) અને અન્ય વ્યાપક આવક (ટેક્સ પછી) નો સમાવેશ થાય છે] | (262.53) | 2,135.66 | (125.48) | (388.55) | 1,949.20 | (696.01) |
| 6 | ઈક્વિટી શેર મૂડી | 533.33 | 533.33 | 533.33 | 533.33 | 533.33 | 533.33 |
| 7 | પાછલા વર્ષની ઓડિટેડ બેલેન્સ શીટમાં દર્શાવ્યા મુજબ અન્ય ઈક્વિટી (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય) | - | - | 18,734.60 | - | - | 17,302.83 |
| 8 | શેર દીઠ કમાણી (દરેક રૂા. ૧૦/- ના) (ચાલુ અને બંધ કરાયેલ કામગીરી માટે) (*વાર્ષિક ધોરણે નથી) | | | | | | |
| | ૧. બેઝિક (રૂા. માં) | (0.15)* | 39.96 * | 16.74 | (2.51)* | 36.46 * | 6.04 |
| | ૨. ડાયલ્યુટેડ (રૂા. માં) | (0.15)* | 39.96 * | 16.74 | (2.51)* | 36.46 * | 6.04 |

* ટેક્સ પછીનો સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ (નુકસાન) અગાઉના વર્ષો માટેની ઓછી / (વધુ) ટેક્સ જોગવાઈને ધ્યાનમાં લીધા પછીનો છે.

નોંધઃ

1. ઉપરોક્ત માહિતી સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરેમેન્ટ્સ) રેગ્યુલેશન, ૨૦૧૫ના રેગ્યુલેશન 33 હેઠળ સ્ટોક એક્સચેન્જોમાં ફાઇલ કરાયેલા ક્વાર્ટર/વર્ષના અંતના નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો એક અર્ક છે. વર્ષના અંતના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ્સ (www.nseindia.com અને www.bseindia.com) પર અને કંપનીની વેબસાઇટ (www.grpweb.com) પર ઉપલબ્ધ છે.
2. ઉપરોક્ત પરિણામોની ઓડિટ સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી છે અને ૧૫ મે, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.
3. અગાઉના સમયગાળાના આંકડાઓને સરખામણી કરવા માટે જ્યાં પણ જરૂરી હોય ત્યાં પુનઃસંગઠિત/પુનઃવર્ગીકૃત કરવામાં આવ્યા છે.

જીઆરપી લિમિટેડ વતી
સહી/-
હર્ષ આર. ગાંધી
મેનેજિંગ ડિરેક્ટર
DIN 00133091

સ્થળઃ મુંબઈ
તારીખઃ ૧૫ મે, ૨૦૨૬

## સંક્ષિપ્ત સમાચાર

### કણજીમાં બાઇકની ટક્કરે આધેડનું મોત

સોનગઢઃ ગત ૨૪ એપ્રિલે સોનગઢ-ઓટા રોડ પર કણજી પાસે રસ્તો ઓળંગી રહેલા ૫૭ વર્ષીય આધેડ છીતુભાઈ રામાભાઈ ભીલને એક પૂરપાટ ઝડપે આવતી સ્પ્લેન્ડર મોટરસાઇકલ નં.(GJ-26-AD-2150)ના ચાલકે અડફેટે લીધા હતા. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા આધેડનું સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં પાંચ દિવસની સારવાર બાદ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી બાઇક ચાલક ફરાર થઈ ગયો હતો. આ અંગે સોનગઢ પોલીસે અજાણ્યા બાઇક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### તરસાડીમાં ચેઇન સ્નેચિંગ કરનારા બે રીઢા ગુનેગાર ઝડપાયા

હથોડાઃ તાજેતરમાં તારસાડીમાં મંદિરેથી પરત ફરતી વૃદ્ધાના ગળામાંથી મોપેડ સવાર બે ગઠિયા સોનાની ચેઇન આંચકી ફરાર થઈ ગયા હતા. આ ઘટના અંગે ફરિયાદ નોંધાતાં સુરત જિલ્લા એલસીબી પોલીસ હરકતમાં આવી હતી. પોલીસે કડક કાર્યવાહી કરીને સાયણના અમન ઉર્ફે અમન બકરી મુલતાની (ઉં.વ.૨૪) અને નયન ચંદ્રકાંત મૈસુરિયા (ઉં.વ.૨૮)ની ધરપકડ કરી છે. પૂછપરછ દરમિયાન આરોપીઓએ પીપોદરા નજીક પણ એક મહિલાની ચેન આંચક્યાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ૨.૬૦ લાખની કિંમતની બે સોનાની ચેઇન, મોપેડ અને મોબાઈલ મળી કુલ રૂ.૩,૮૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી તેમને જેલભેગા કર્યા છે.

### ઓલપાડના અંભેટામાં ડાંગરની પરાળ ભરેલા ટેમ્પોમાં આગ લાગી

સાયણઃ અંભેટા ગામની પ્રાથમિક શાળા પાછળ ત્રણ રસ્તા નજીકથી જ્યારે જીજે-૧૯, વાય-૭૭૨૮ નંબરનો ટેમ્પો પસાર થઈ રહ્યો હતો, ત્યારે રોડ ક્રોસ કરતા વીજતારમાંથી સૂકી પરાળીમાં કરંટ ઊતરતા આગ લાગી હતી. ટેમ્પો ચાલકે સમયસૂચકતા વાપરી ક્લીનર સાથે કેબિનમાંથી કૂદકો મારી દેતાં બંનેનો આબાદ બચાવ થયો હતો. સ્થાનિકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયરના જવાનોએ ઘટનાસ્થળે પહોંચી જે.સી.બી. મશીનની મદદથી ટેમ્પોમાંથી સળગતી બરખીઓ બહાર કઢાવી પાણીનો સતત મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. ટેમ્પોને થયેલા નુકસાન અને ઘાસચારો બળી જતાં અંદાજે રૂપિયા બે લાખનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ બે દિવસ પહેલાં પણ આવી જ એક ઘટના બની હતી.

### ભરૂચ-અંકલેશ્વરમાં ATMમાં વૃદ્ધોને ઠગતો તુષાર કોઠારી ઝડપાયો

ભરૂચઃ ભરૂચ LCB પોલીસે એટીએમ પર વૃદ્ધોને મદદ કરવાના બહાને કાર્ડ બદલી છેતરપિંડી આચરતાં આણંદના રીઢા ગુનેગાર તુષાર અનિલભાઈ કોઠારી (ઉં.વ.૩૬)ને ઝડપી પાડ્યો છે. આરોપી સામે ભરૂચ, વડોદરા, સુરત અને આણંદ સહિતના જિલ્લાઓમાં ૪૭થી વધુ ગુના નોંધાયેલા છે. પોલીસ પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, તેણે તાજેતરમાં જ ભરૂચના શક્તિનાથ અને અંકલેશ્વરના ચૌટાનાકા સ્થિત SBI એટીએમમાંથી વૃદ્ધોના કાર્ડ બદલી કુલ ૫૮,૫૦૦ ઉપાડી લીધા હતા. આ રકમમાંથી ૩૨,૫૦૦ વકીલની ફી પેટે ચૂકવ્યા હતા અને બાકીના રૂપિયા ઓનલાઈન જુગારમાં ગુમાવ્યા હતા. પોલીસે આરોપી પાસેથી રોકડા અને મોબાઈલ મળી ૭,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ગુના સંદર્ભે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પલસાણાના જોળવામાં અસહ્ય ગરમીથી યુવકનું મોત થયાની આશંકા

પલસાણાઃ મૂળ ઓરિસ્સાના ગંજામ અને હાલ પલસાણાના જોળવા ખાતે મંગળમૂર્તિ સાવરિયા કોમ્પ્લેક્સના રૂમ નંબર ૪૦ માં રહેતા ૨૯ વર્ષીય જગન્નાથ ઉર્ફે ચિન્ટુ રામાચન્દ્ર મહારાણા પોતાના રૂમમાં સૂતેલા હતા. ગત તારીખ ૧૫/૦૫/૨૦૨૬ ના રોજ સવારના ૧૧ વાગ્યા પહેલાના કોઈક સમયે તેમનું મોત નીપજ્યું હતું. હાલમાં ચાલી રહેલી ઉનાળાની સિઝનમાં અસહ્ય ગરમી પડતી હોવાના લીધે, આ વધુ પડતી ગરમી સહન ન થવાને કારણે યુવકનું મોત થયું હોવાની આશંકા સેવાઈ રહી છે.

### ડેડિયાપાડાના ગુલ્દાચાબા ગામમાં પુત્રની હત્યા કરનારા પિતાની ધરપકડ

ડેડિયાપાડાઃ ડેડિયાપાડાના ગુલ્દાચાબા ગામે પોતાના સગા પુત્રની હત્યાના ગુનામાં આરોપી પિતાને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો. ૧૩મી મેના રોજ સાંજે મૃતક મનીષભાઈ મોહનભાઈ વસાવાએ પિતા પાસે પાણી અને જમવાનું માંગ્યું હતું. થાકેલા પિતાએ જાતે લઈ લેવાનું કહેતાં ઉશ્કેરાયેલા પુત્રએ પિતાને બે તમાચા મારી દીધા હતા. આ અપમાનથી રોષે ભરાયેલા પિતા મોહનભાઈએ ઘરમાં પડેલી કુહાડી વડે પુત્રના મોઢા, કપાળ અને માથા પર જીવલેણ હુમલો કરી દીધો હતો. ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મનીષનું મોત નીપજ્યું હતું. ડેડિયાપાડા પોલીસના ઈનચાર્જ PI જે.એમ.લટા અને તેમની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ અને સ્થાનિક બાતમીદારોની મદદથી ગણતરીના કલાકોમાં આરોપી પિતાને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

# નીટ પેપર કાંડના વિરોધમાં બારડોલી ખાતે પૂતળા દહન




બારડોલીઃ દેશભરમાં ગાજેલા નીટ (NEET) પરીક્ષા પેપર લીક કાંડના વિરોધમાં સમગ્ર રાજ્યમાં ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે. જેના ભાગરૂપે આજ રોજ બારડોલીના મુદિત પેલેસ ખાતે ભવ્ય વિરોધ પ્રદર્શન યોજાયું હતું.

સુરત જિલ્લા યૂથ કોંગ્રેસ પ્રમુખ પીયૂષ ચૌધરીની આગેવાની હેઠળ કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને સરકારની નીતિઓ વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરીને પૂતળા દહન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં પ્રદેશ મહામંત્રી તરુણભાઈ વાઘેલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે બારડોલી તાલુકા પ્રમુખ અનુપ વ્યાસ, બારડોલી નગર પ્રમુખ કિરણ લાકડાવાળા, તેમજ બારડોલીના કોર્પોરેટર સ્વાતિ પટેલ અને કોર્પોરેટર કાલુ કરીમ શાહ સહિતના સ્થાનિક નેતાઓ જોડાયા હતા. આ કૌભાંડના જવાબદારો સામે કડક પગલાં લેવાની માંગ સાથે કોંગ્રેસે આક્રમક મૂડ બતાવ્યો હતો.

# નર્મદા જિલ્લામાં ‘પાણી અને પેટ્રોલ’ની કટોકટી: સંકલન બેઠકમાં મુદ્દો ગાજ્યો

**ડેડિયાપાડાના** ધારાસભ્યની રજૂઆતઃ અનેક મુદ્દે તંત્રને તાકીદ

ડેડિયાપાડા, રાજપીપળાઃ નર્મદા જિલ્લાની વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતા હેઠળ જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ આ બેઠકમાં રસ્તા, પાણી, રોજગાર, પેટ્રોલ-ડીઝલ અને ખાતરની અછત સહિતના અનેક પ્રશ્નો અંગે તાત્કાલિક નિરાકરણ માટે સખત રજૂઆત કરી હતી.

ધારાસભ્ય ચૈતર વસાવાએ પોસ્ટમાં જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં હાલમાં ચાલી રહેલા ડામર રોડનાં તમામ કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે. સાથે જ અનેક વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાના નિરાકરણ માટે નવા હેન્ડપંપ મૂકવા અને જૂના હેન્ડપંપની તાત્કાલિક રિપેરિંગ કરવા તંત્રને તાકીદ કરવામાં આવી હતી.

મનરેગા હેઠળ મહત્તમ લોકોને રોજગારી મળે, વન વિભાગમાં સ્થાનિક લોકોને રોજગાર આપવામાં આવે અને રોજમદાર કર્મચારીઓને લઘુત્તમ વેતન અનુસાર યોગ્ય વેતન મળે તે માટે પણ રજૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત, સાગબારા, જીપદા અને ડેડિયાપાડા તાલુકામાં પેટ્રોલ-ડીઝલની અછતને કારણે લાંબી લાઇનો લાગી રહી છે, જેનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરવામાં આવી હતી. ખાતરની અછત અંગે પણ સત્વર કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. ચૈતર વસાવાએ ગેરકાયદે ચેકપોસ્ટ અંગે ગંભીર રજૂઆત કરતાં જણાવ્યું કે ઘંસેરા, વેસરા ટેકરા, સેતપુર, કલખાલા અને ગમથલા ખાતે ગેરકાયદે રીતે ઊભી કરવામાં આવેલી ચેકપોસ્ટોને કારણે ખેડૂતો, શાકભાજી વેચવા જતા લોકો અને સામાન્ય નાગરિકોને હેરાનગતિ થાય છે. તેમણે આવી ચેકપોસ્ટો તાત્કાલિક હટાવવા અને 73AA, પેસા એક્ટના ભંગ અને લેન્ડ ગ્રેબિંગના મામલે કાર્યવાહીની માંગ કરી હતી.

### વ્યારાના ઘાટામાં આધેડનો આપઘાત

વ્યારાઃ વ્યારાના ઘાટા ગામે વેલજીપુરા ફળિયામાં રહેતા જીતેન્દ્રભાઈ બચુભાઈ ગામીત (ઉં.વ.48)એ અગમ્ય કારણોસર ગતરોજ સવારે 8 વાગ્યાના અરસામાં પોતાના ઘરની પાછળ લીમડાના ઝાડ પર દોરડા વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં કાકરાપાર પોલીસે જીતેન્દ્રભાઈના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વ્યારા રેફરલ હોસ્પિટલમાં લઈ જઈ ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Pati Patni Aur Woh Do
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm,10:00pm
Dharpakad-Gujarati
03:00pm, 09:30pm
Raja Shivaji - 05:30pm
Bhooth Bangla - 11:00am
Dhabkaaro-Gujarati
12:00pm, 06:00pm
Krishnavataram Part 1 - The Heart
02:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

UPL UNIVERSITY OF SUSTAINABLE TECHNOLOGY
Established under Gujarat Private University Act, 2009 and Recognized by UGC under Section 2(f)
ADMISSIONS OPEN : ACADEMIC YEAR - 2026-2027

ENGINEERING
Diploma Engg.
• Diploma Chemical Engg.
• Diploma Computer Engg.
• Diploma Information Tech.
• Diploma Mechanical Engg.
• Diploma Electrical Engg.
• Diploma Environmental Engg.
B.E.
• B.E. Chemical Engg.
• B.E. Computer Engg.
• B.E. Artificial Intelligence
• B.E. Information Tech.
• B.E. Mechanical Engg.
• B.E. Electrical Engg.
• B.E. Environmental Science & Tech.
• B.E. Chemical Tech. (Pharmaceutical)
• B.E. Chemical Tech. (Polymer & Rubber)
• B.E. Chemical Tech. (Glass & Ceramic)
• B.E. Chemical Tech. (Dyes & Pigment)
M.E.
• M.E. Chemical Engg.
• M.E. Mechanical (Thermal Engg.)
• M.E. Electrical Engg.
• M.E. Environmental Management

SCIENCE
B.Sc. (Hons)
• B.Sc. (Hons) Chemistry
• B.Sc. (Hons) Microbiology
• B.Sc. (Hons) Biotechnology
M.Sc.
• M.Sc. Chemistry
• M.Sc. Microbiology
• M.Sc. Environmental Science
• M.Sc. Biotechnology
Programs for Working Professional
• P.G.Diploma Process Safety
• P.G.Diploma Env. Compliance & Sustainability
• P.G.Diploma Instrumentation & Automation
• P.G.Diploma Analytical Techniques
• P.G.Diploma Colorant Technology
• P.G.Certificate Artificial Intelligence in Business
• P.G. Certificate Business Analytics
Ph.D (Engg. /Science/Interdisciplinary)
• Full time Ph.D.
• Part time Ph.D.
Skill based Certificate Courses
• Chemical Plant Operator
• Plant Maintenance
• Colorant Technology

15 YEARS Academic Excellence

SALIENT FEATURES
• State of Art Infrastructure
• Qualified Teaching Staff
• NCC/NSS
• Training : Fire & Safety/ Sustainability
• Student Startup
• Industry Internship
• ICT Enable Classrooms
• Industrial Visit
• Industry Intraction
• Placement Assistant
• Sports : Indoor / Outdoor
• Transportation
• Hostel Facilities
• Wi-Fi Campus



• Student can select program offered by university through ACPC/ACPDC and GCAS
• University timing for Admission : All weekdays from 8.30 am to 4.30 pm
Recognition
www.upluniversity.ac.in | admission@upluniversity.ac.in
+91 97277 45875 / 76
Block No 402, Vataria, Ankleshwar-Valia Road,Ta: Valia,Dist: Bharuch